પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨૨ | ૧૨ જુલાઈ, ૨૦૨૨, મંગળવાર; અષાઢ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મેઘ તાંડવ : રાજ્યભરમાં ભારે તબાહી

## દેશના અનેક રાજ્યોમાં વરસાદ કહેર બનીને વરસ્યોઅતિ વરસાદવાળા વિસ્તારોમાં NDRFની ૧૩ ટીમો, SDRFની ૧૬ ટીમો તૈનાત : સ્ટેટ હાઈવે તથા પંચાયતી હાઈવે સહિતના ૩૮૮ રસ્તાઓ બંધ





### રાજ્યમાં ભારે વરસાદથી ૬૪ના મૃત્યુ : ૩૩ વિજળી પડવાથી, ૮ દિવાલ પડવાથી, ૧૬ ડુબી જવાથી, ૬ ઝાડ પડવાથી અને ૧ વિજપોલ પડવાથી મૃત્યુ

અમદાવાદ, તા.૧૧


દેશના અનેક રાજ્યોમાં વરસાદ કહેર બનીને વરસ્યો છે. ગુજરાતથી હિમાચલ પ્રદેશ સુધીના અનેક રાજ્યોમાં વરસાદના કારણે પૂર અને લેન્ડસ્લાઈડની ઘટનાઓ જોવા મળી છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં અનરાધાર વરસાદ તૂટી પડવાના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે પાણી ભરાયા છે અને ભારે મોટી તારાજી થઈ છે. લેન્ડસ્લાઈડના કારણે ઉત્તરાખંડના અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. દેશના મેદાની વિસ્તારોથી શરૂ કરીને પહાડી વિસ્તારો સુધીના અનેક ક્ષેત્રોમાં આખો દિવસ અનરાધાર વરસાદ તૂટી પડવાના કારણે તથા નદીઓમાં પાણીના વહેણના કારણે ગામડાંઓ ઉપરાંત શહેરોમાં પણ પૂરની સ્થિતિ પ્રવર્તી છે.

રાજ્યમાં અતિ વરસાદવાળા વિસ્તારોમાં એનડીઆરએફની ૧૩ ટીમો, એસડીઆરએફની ૧૬ ટીમો તૈનાત કરવામાં આવી છે. એસડીઆરએફની એક ટીમ છોટા ઉદયપુરમાં પણ તૈનાત કરી દેવાઈ છે. દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ વરસવાના કારણે સ્ટેટ હાઈવે તથા પંચાયતી હાઈવે સહિતના ૩૮૮ રસ્તાઓ બંધ છે. અમદાવાદમાં ભારે વરસાદના કારણે શહેરમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સાંજના સમયથી શરૂ થયેલા મેઘ તાંડવના કારણે અમદાવાદ સરોવરમાં ફેરવાઈ ગયું હોવાનું જણાઈ રહ્યું હતું. અમદાવાદમાં રવિવારે રાતના ૧૦:૦૦ વાગ્યાથી સવાર સુધીમાં બચાવ કામગીરી માટે ૧૨ જેટલા કોલ નોંધાયા હતા. જ્યારે ફાયર વિભાગને પણ ૭ કોલ આવ્યા હતા. બચાવકર્મીઓએ ટોટલ ૧૦૦ લોકોને પાણીમાંથી સલામત સ્થળોએ ખસેડ્યા હતા.

અમદાવાદમાં ભારે વરસાદ બાદ સોમવારે સવારે પણ દાણીલીમડા ગામ, સિંધુ ભવન રોડ વિસ્તાર, ઈસ્કોન બ્રિજથી બોપલ જવાના રસ્તા પર, ઘુમા, આંબલી, ગોમતીપુરની ચાલીઓ સહિતના વિસ્તારોમાં ૨-૩ ફૂટ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. વરસાદના કારણે લોકોના ઘરોમાં અને નીચાણવાળી કે બેઝમેન્ટની દુકાનોમાં પણ પાણી ભરાઈ જવાના કારણે માલ-સામાનને ભારે નુકસાન પહોંચ્યું છે. અનેક ઠેકાણે વરસાદમાં ફસાયેલા લોકો તેમના વાહનો રસ્તા પર જ છોડીને સલામત સ્થળે દોડી ગયા હતા જેથી વહેલી સવારે રસ્તાઓ પર ભરાયેલા પાણી વચ્ચે વાહનોનો જમાવડો જોવા મળ્યો હતો.

## અમદાવાદમાં વરસાદ બાદ કરોડોના ભારે નુકસાનનો વેપારીઓને ડર

### અમદાવાદમાં શ્યામલ સહિતના વિસ્તારોમાં દુકાનો ડૂબી ગઈ



અમદાવાદ,તા.૧૧

અમદાવાદમાં ગણતરીના કલાકોમાં ૧૫ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરમાં સૌથી વધુ પાલડીમાં ૧૮ ઈંચ, ઉસ્માનપુરામાં ૧૪ ઈંચ, બોડકદેવમાં ૧૨ ઈંચ વરસાદ થયો છે, જ્યારે શહેરના ૬ વિસ્તારો એવા છે કે જ્યાં ૧૦ ઈંચથી વધારે વરસાદ પડ્યો છે. ભારે વરસાદના કારણે શહેરના ઘણાં વિસ્તારોમાં બારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના વેજલપુર, શ્યામલ, વાસણા, ગુપ્તાનગર, ખોખરા જેવા વિસ્તારોમાં ભારે પાણી ભરાવાના કારણે લોકોના ઘરોમાં તથા દુકાનોમાં પાણી ફરી વળ્યા છે. આવામાં ભોંયરામાં આવેલી શ્યામલ અને વેજલપુર વિસ્તારની તથા ગુપ્તાનગરની દુકાનોમાં પાણી ઘૂસી ગયા છે. પોતાને થયેલા ભારે નુકસાનના લીધે હવે છસ્ઝની પ્રી-મોન્સુનની કામગીરી સામે વેપારીઓ અને સ્થાનિકો સવાલ ઉભા કરી રહ્યા છે. શહેરના ઘણાં પૂર્વ અને પશ્ચિમના વિસ્તારોમાં પાણી ભરાયા છે. વરસાદ આવતા પહેલા શહેરમાં રસ્તાઓ, પાણીનો નીકાલ, નીચાણવાળા વિસ્તારમાં ભારે વરસાદી પાણી

● અનુસંધાન પાન-૭ પર

## નવા સંસદ ભવનમાં ૬.૫ મીટર ઊંચા રાષ્ટ્રીય પ્રતિકનું અનાવરણ

### નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય અશોક ચિન્હનું અનાવરણ કર્યું : આ અનાવરણ પ્રસંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરી સહિતના નેતાઓ ઉપસ્થિત

નવી દિલ્હી, તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમવારે નવા સંસદ ભવનની છત





પર બનાવવામાં આવેલા રાષ્ટ્રીય અશોક ચિન્હનું અનાવરણ કર્યું હતું. આ રાષ્ટ્રીય પ્રતિકની ઉંચાઈ ૬.૫ મીટર છે. આ અનાવરણ પ્રસંગે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રી હરદીપસિંહ પુરી સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી અધિકારીઓએ આ રાષ્ટ્રીય પ્રતિક અંગે માહિતી આપતાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ નવા સંસદ ભવનની છત પર જે રાષ્ટ્રીય પ્રતિકનું અનાવરણ કર્યું છે તે કાંસામાંથી બનેલું છે. ૬.૫ મીટર ઉંચાઈ ધરાવતા આ રાષ્ટ્રીય પ્રતિકનું કુલ વજન ૯,૫૦૦ કિલો છે. નવા સંસદ ભવનની છતની મધ્યમમાં આ પ્રતિમાને સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિકને ટેકો આપવા માટે લગભગ ૬,૫૦૦ કિલો વજનનું સ્ટીલનું સહાયક માળખું બનાવવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગોવામાંથી કોંગ્રેસના ૫ ધારાસભ્યો એકાએક ગૂમ

### દિનેશ ગુંડુરાવે પોતાના ધારાસભ્યોને તોડવા માટે કથિત રીતે પૈસા ધરવા બદલ ભાજપ પર નિશાન સાધ્યું

મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્રમાં સત્તા ગુમાવ્યા બાદ હવે કોંગ્રેસ માટે ગોવામાં પણ મુશ્કેલી ઊભી થઈ ગઈ છે. જો કે ગોવામાં તેમની સરકાર તો નથી પરંતુ ત્યાં તે રાજ્યમાં બીજી સૌથી મોટી પાર્ટી છે. કોંગ્રેસ માટે મુશ્કેલીઓ ઊભી તેમની જ પાર્ટીના નેતા માઈકલ લોબો અને પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામતે કરી છે. વાત જાણે એમ છે કે ગોવા વિધાનસભામાં વિપક્ષના નેતા માઈકલ લોબો અને કામત પર આરોપ છે કે તેમણે પોતાના ધારાસભ્યોને વિભાજિત કરી સત્તાધારી પક્ષ ભાજપમાં જોડવાનું ષડયંત્ર રચ્યું. કોંગ્રેસ ગોવાના પ્રભારી દિનેશ ગુંડુ રાવે લોબો પર પાર્ટીને નુકસાન પહોંચાડવાનું ષડયંત્ર રચ્યું. ગુંડુરાવે કહ્યું કે આ (કામત અને લોબો) એ જ લોકો છે જેમણે ચૂંટણી પહેલા પરમપિત પરમેશ્વર સામે પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ ક્યારેય પાર્ટી છોડશે નહીં અને ક્યારેય પક્ષપલટો નહીં કરે. આ સ્પષ્ટ પ્રતિબિંબ છે કે તેઓ ભગવાનને કેટલું મહત્વ આપે છે. તેમણે આરોપ લગાવ્યો કે આ બંને નેતાઓ બેકગ્રાઉન્ડમાં ભાજપ સાથે કામ કરી રહ્યા છે. રાવે દાવો કર્યો કે ભાજપનું મિશન દેશમાં વિપક્ષને ખતમ કરવાનું છે. તેમણે કહ્યું કે તેઓ ખાસ રીતે કોંગ્રેસને ખતમ કરવા માંગે છે. કારણ કે કોંગ્રેસને નબળી કરીને અને ખતમ કરવાની કોશિશ કરીને તેમને એવું લાગે છે કે તેઓ જે પણ કરવા માંગે છે તેમને તેમ કરતા કોઈ રોકશે નહીં.' તેમણે કહ્યું કે માઈકલ લોબોને તરત એલઓપીના પદેથી હટાવવામાં આવે છે. નવા નેતાની પસંદગી કરવામાં આવશે અને જે પણ કાર્યવાહી કરવાની હશે તે કાયદા મુજબ કરવામાં આવશે. કોંગ્રેસે દાવો કર્યો કે ગોવાની સત્તાધારી ભાજપ તેના ૧૧ સભ્યવાળા ધારાસભ્ય દળમાંથી બે તૃતિયાંશ ધારાસભ્યોને તોડવાની કોશિશ કરી રહી છે અને પક્ષપલટા માટે મોટી રકમ આપવાની રજૂઆત કરી રહી છે.

## વૈશ્વિક મંદી : રૂપિયો ગગડ્યો

### ડોલર સામે રૂપિયો તૂટીને ૭૯.૪૩ના નવા તળિયે : ભારતની ખાધ વધવાની આશંકા

મુંબઈ, તા.૧૧

વૈશ્વિક મંદીની આશંકા, ભારતની ખાધ વધવાની આશંકા અને ભારતીય શેરમાર્કેટના ઘટાડાની સીધી અસર દેશની કરન્સી પર જોવા મળી રહી છે. ભારતીય રૂપિયો ડોલરની સામે ૧૧ જુલાઈના સત્રમાં નવા ઐતિહાસિક તળિયે ૭૯.૪૩ પર પહોંચ્યો છે.

ડોલરની મજબૂતી અને ઘરેલું શેરબજારમાં આજે મંદીના કારણે ભારતીય રૂપિયો યુએસ ડોલરની સામે સોમવારના સત્રમાં ૧ વાગ્યે શુક્રવારના બંધ ભાવ ૭૯.૨૫ની સરખામણીએ ૭૯.૪૩ પર ટ્રેડ થઈ રહ્યો છે. ગત સપ્તાહે રૂપિયો ડોલરની સામે ૭૯.૩૭૫૦ના સૌથી નીચલા સ્તરે પહોંચ્યો હતો અને આજે આ રૂપિયાએ નવું તળિયું બનાવ્યું છે.

વિશ્વની છ દિગ્ગજ કરન્સીની સામે યુએસ ડોલરનું મૂલ્ય દર્શાવતું ડોલર ઈન્ડેકસ ૦.૩૧ ટકા વધીને ૧૦૭.૩૪ પર કામકાજ કરી રહ્યો છે. ગત સપ્તાહે ૧૦૦ ડોલરની નીચે સર્કયા બાદ આજે ફરી બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૦.૬૩ ટકા ઘટીને ૧૦૬.૩૫ ડોલર પ્રતિ બેરલ થયું હતું.

## મહારાષ્ટ્રમાં નવા સ્પીકરને કોઈ નિર્ણય નહિ લેવા આદેશ

### ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળા શિવસેના કેમ્પને સુપ્રીમની રાહત : અરજી પરની સુનાવણી માટે એક બેન્ચની રચના કરવી પડશે, તેવામાં અરજીને લિસ્ટેડ કરવા સમયની જરૂર પડશે

મુંબઈ, તા.૧૧

સુપ્રીમ કોર્ટે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળા શિવસેના કેમ્પને રાહત આપી છે. ટીમ ઠાકરેએ કોર્ટમાં અરજી કરીને વિધાનસભાના નવા સ્પીકરની ચૂંટણીને પડકારી હતી. આ અરજી મામલે કોર્ટે સોલિસિટર જનરલને કહ્યું કે, ચેઓ મહારાષ્ટ્રના વિધાનસભા સ્પીકરને જણાવે કે આ અરજી પરના નિર્ણય સુધી તેઓ કોઈ નિર્ણય ન લે.

આ સાથે જ કોર્ટે જણાવ્યું કે, અરજી પરની સુનાવણી માટે એક બેન્ચની રચના કરવી પડશે. તેવામાં અરજીને લિસ્ટેડ કરવા માટે થોડા સમયની જરૂર પડશે અને ભલે કોર્ટે અરજી મામલે કોઈ નિર્ણય નથી આપ્યો પરંતુ સ્પીકરના નિર્ણય પર રોક

● અનુસંધાન પાન-૭ પર


કચ્છની ખારેક

ખેડૂત દ્વારા સીધું વેચાણ

ખારેક : લાલ-પીળી (ઈઝરાયલ)

કૃષિભવન, ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર

મહાવીર કન્સલટન્ટ



ગાંધીનગર તાલુકા-જીલ્લા તેમજ ગાંધીનગરથી મહુડી હાઇવે પર ફાર્મ હાઉસ તથા ખેતીવાડી તથા અન્ય હેતુ માટે જમીન લે-વેચ માટે તેમજ N.A માટે સમ્પર્ક કરો.

મો.નં. ૮૭૯૯૬ ૯૭૮૩૯

મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!

Zydus Hospitals Cancer Centre

09 જુલાઈ, શનિવારના રોજ

ડૉ. સુપ્રીત ભટ્ટ

MS, M.Ch

મોંઢા અને ગળાના કેન્સર સર્જન

● 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી

● 20000 થી વધુ સંતૃષ્ટ કેન્સર દર્દીઓની સારવાર

દર મહિનાના બીજા અને ચોથા શનિવારે

લક્ષણો:

● થાઇરોઇડ અને સ્વરપેટીના કેન્સર ● ગાલ, જીભ તેમજ જડબામાં છાલા પડવા ● મોંઢામાં સફેદ કે લાલ ચાંદા પડવા ● મોંઢાનું ઓછું ખુલવું ● અવાજમાં બદલાવ તેમજ ભારેપણું ● ખોરાક ગળવામાં તકલીફ પડવી ● ગળામાં સોજો કે ગાંઠ થવી

સાંજે 6.00 થી 8.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.


## બેસણું (કપોળ)



સખેદ જણાવવાનું કે હાલ ગાંધીનગર (વૌઠા) નિવાસી

### સ્વ. મહેશકુમાર ભાઈલાલભાઈ શાહ

તા. 09/07/2022 ને શનિવારના દિવસે શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તા. 14/07/2022 ને ગુરૂવારના રોજ નીચેના સમય અને સ્થળે રાખેલ છે.

**સ્થળ**

ધ ગ્રાન્ડ વિનાયક મહારાષ્ટ્ર સમાજ ભવન,
પહેલો માળ, ગણપતિ મંદિર પાસે, સેક્ટર 21, ગાંધીનગર
સમય : સવારે 9.00 થી 12.00 કલાકે

**લિ.**

| | |
|---|---|
| સ્વ. જયંતીભાઈ ભાઈલાલભાઈ શાહ | નિલય મહેશકુમાર શાહ (77100 64112) |
| શ્રી મનુભાઈ ભાઈલાલભાઈ શાહ | અંકિત ગીરીશભાઈ શાહ (94293 06480) |
| શ્રી ગીરીશભાઈ ભાઈલાલભાઈ શાહ | પ્રિયાંક મનુભાઈ શાહ (99241 84406) |

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે

સ્વ. મનસુખલાલ રણછોડદાસ મહેતા - ફોર્ટ સોનગઢ જી. તાપી